# પ્રજાજનોના હૃદયમાંથી ગુમાવેલ સ્થાન મેળવવા કોંગ્રેસ બેબુનિયાદ આપેક્ષો કરે છે : ભરત પંડ્યા

ગાંધીનગર, તા. ૨૯
પ્રદેશ પ્રવક્તા શ્રી ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દેશના પ્રજાજનોના હૃદયમાંથી ગુમાવેલું સ્થાન પ્રસાર માધ્યમોમાં મેળવવા કેન્દ્ર સરકાર પર બેબુનિયાદ આક્ષેપો કરે છે.

શ્રી પંડ્યાએ જણાવ્યું હતું કે, આઝાદી પછી કોંગ્રેસે ઘણા વર્ષો દેશના 'ગરીબોનું ભલું કરવાના' વાયદાના વેપાર કરી કોંગ્રેસે દેશની જનતા સાથે છેતરપીંડી કરી છે. હવે જ્યારે છેલ્લા બે વર્ષમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગામ, ગરીબ અને ખેડૂતલક્ષી અનેકવિધ યોજનાઓથી દેશ પ્રગતિ તરફ આગળ વધી રહ્યો છે. દેશનો વિકાસદર ૭ ટકાથી વધુ રહ્યો છે ત્યારે છાશવારે કોંગ્રેસના નેતાઓ ગુજરાતમાં આવી કેન્દ્ર સરકાર પર બેહુદા આક્ષેપો કરી આશ્વાસન લેવાનો પ્રયત્ન કરે છે.

શ્રી પંડ્યાએ જણાવ્યું હતું કે સત્તા વિના તરફડતી કોંગ્રેસ હતાશામાં ગરકાવ છે, કોંગ્રેસ પોતાની ભ્રષ્ટાચારમાં લિપ્ત અને દિશાવિહીન સરકારની એનડીએની પ્રગતિશીલ સરકાર સાથે સરખામણી કરી દેશની જનતાની નજરમાં પોતે હાસ્યાસ્પદ બને છે.

# લાયોનેસ મલ્ટીપલ ડીસ્ટ્રીકટ-૩૨૩ એવોર્ડ વિતરણ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૯
લાયોનેસ કલબ ઈન્ટરનેશનલ અને લાયોનેસ મલ્ટીપલ ડીસ્ટ્રીકટ




૩૨૩ દ્વારા એવોર્ડ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ ક્ષેત્રે સુંદર કામગીરી કરનાર ૧૨૫ મહિલાઓને ત્રણ કેટેગરીમાં એવોર્ડ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે પાંચ રાજયોમાંથી મોટીસંખ્યામાં મહિલાઓ હાજર રહી હતી.

ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે આજે લાયોનેસ કલબ ઈન્ટરનેશનલ તેમજ લાયોનેસ મલ્ટીપલ ડીસ્ટ્રીકટ ૩૨૩ દ્વારા એવોર્ડ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત બાળવિકાસ અધિકાર આયોગના ચેરમેન જાગૃતિબેન પંડયા, ગુજરાત રાજય સંગીત-નાટક અકાદમીના ચેરમેન ભાગ્યેશ જહા, રક્ષા મહેતા (મલ્ટીપલ ડિસ્ટ્રીકટ પ્રમુખ), કુલભુષણ મિત્તલ મલ્ટીપલ કાઉન્સીલ ચેરમેન(એમજેએફ), અશોક મહેતા પૂર્વ ઈન્ટરનેશનલ પ્રમુખ (એમજેએફ) સહિત આગેવાનોએ દિપ પ્રગટાવીને કાર્યક્રમનો પ્રારંભ કર્યો હતો. લાયોનેસ મલ્ટીપલ ડીસ્ટ્રીકટ દ્વારા આંમત્રિત મહેમાનોનું પુષ્પગુંચ્છથી સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે હાજર મહેમાનોએ બહેનો દ્વારા રૂ. ૨૩.૫ કરોડના સેવાના કાર્યો બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમજ આ સેવાના કાર્યો સતત ચાલુ રહે અને સરકાર સાથે મળીને સારી કામગીરી કરતા રહો વિવિધ ક્ષેત્રે લાયોનેસ કલબમાં વધુમાં વધુ બહેનો જોડાય તેમ કહીને સેવાકીય પ્રવૃતિને બિરદાવી હતી. મહેમાનોના હસ્તે રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, કર્ણાટક અને ગુજરાતની ડિસ્ટ્રીકટની ૧૨૫ થી વધુ બહેનોને એવોર્ડથી સન્માનીત કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે સમગ્ર ભારતમાં લાયોનેસ કલબમાં દસ હજારથી વધુ બહેનો જોડાયેલી છે અને વિવધ ક્ષેત્રે કામ કરી રહી છે. આ એવોર્ડ એ, બી અને સી એમ ૩ કેટેગરીમાં આપવામાં આવ્યા હતા. ટાઉનહોલ ખાતે બહેનો માટે સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગુજરાતી ગીત અને ગરબા રજુ થયા હતા. આ પ્રસંગે લાયોનેસ બહેનો મોટીસંખ્યામાં હાજર રહીને કાર્યક્રમને માણ્યો હતો.



ફૂલોના ગરબો - આદ્યશક્તિની માનતાના ગરબા હજુ પણ ગ્રામીણ વિસ્તારોમાં ઉલ્લાસપૂર્વક યોજાય છે... ગરબા આકારના સ્ટ્રક્ચરમાં રંગબેરંગી કાગળના ફુલોથી સજાવાય છે... અને માથે લઈને ઘુમવાની પરંપરા ગ્રામીણ વિસ્તારોમાં હજુ યથાવત છે...

## ફોટો ટૉક....

■ હિરેન ભટ્ટ



ગાંધીનગર અને ગુજરાતી ફિલ્મોના સુમેળનો એક જમાનો હતો. જ્યારે અસરાની અને કિરણકુમારનો કાળ હતો ત્યારે ઘણી ગુજરાતી ફિલ્મોના શૂટીંગ ગાંધીનગરમાં થતા. નશીરૂદ્દીન શાહ અને સ્મિતા પાટીલ જેવા દિગ્ગજ કલાકારો પણ 'ભવની ભવાઈ' જેવી એવોર્ડ વિજેતા ગુજરાતી ફિલ્મના શૂટીંગ માટે ગાંધીનગરમાં મહિનાઓ સુધી રોકાયા હોવાનો ઈતિહાસ છે. વચ્ચે ગુજરાતી ફિલ્મોનું નિર્માણ ઠપ્પ થઈ ગયું અને ગાંધીનગરમાં શૂટીંગ પણ. પણ હવે ફરીથી ગુજરાતી ફિલ્મોના સુવર્ણયુગની શરૂઆત થઈ છે. ગાંધીનગરમાં ગુણવત્તાસભર ગુજરાતી ફિલ્મોના શૂટીંગ પણ શરૂ થયા છે. ગુજરાતમાં એફ.એમ. રેડીયોના આરંભકાળથી અત્યાર સુધી શ્રોતાઓના દિલ પર રાજ કરનાર નંબર વન આર.જે. ધ્વનિત હવે ગુજરાતી ફિલ્મ વિટામીન શી - (Vitamine-She) થી અભિનય ક્ષેત્રે પણ પદાર્પણ કરી રહ્યો છે. આ ફિલ્મના ક્લાયમેક્સના એક સીનનું શૂટીંગ રવિવારે આખો દિવસ ગાંધીનગરના સેક્ટર-૧ના તળાવ પાસે થયું હતું. ધ્વનિત ઠાકર સાથે ભક્તિ કુબાવત મુખ્ય ભૂમિકામાં છે. દિગ્દર્શક ફૈસલ હાશમીની આ ફિલ્મનું નિર્માણ લગભગ એકાદ વર્ષ કરતાં પણ વધુ સમયથી ચાલે છે. હવે ધ્વનિતના ચાહકો ચાતકની જેમ આ ફિલ્મની પ્રતિક્ષા કરી રહ્યા છે. ગુજરાતી ફિલ્મોનું શૂટીંગ જોવા લોકોનું ટોળું ઉમટે એવું દશ્ય ગાંધીનગરમાં ઘણા વખતે જોવા મળ્યું...!

## હવે મનોસ્થિતિથી કારકીર્દી નક્કી કરતી પદ્ધતિ તૈયાર

અમદાવાદ,તા.૨૯
આજના યુગમાં જ્યાં ટેકનોલોજીની ભરમાળ છે ત્યાં કારકીર્દીને લઈને વિધ્યાર્થી હોય કે વિધ્યાર્થીનીઓમાં સંખ્યાબંધ વિકલ્પો તેમની નજર સામે હોવાછતાં કઈ તરફ આગળ વધવું તે બાબતને લઈને અનેક પ્રકારની મૂંઝવણ જોવા મળતી હોય છે.આવા સમયે એક ખાસ પ્રકારનું સોફટવેર કાર્યરત કરવામાં આવ્યું છે જેની મદદથી કોમ્પ્યુટરમાં ઈન્સ્ટોલ કરવામાં આવેલા સોફટવેર દ્વારા જે તે વિધ્યાર્થી કે વિધ્યાર્થીનીને સામે બેસાડવામાં આવે છે.સોફટવેરની મદદથી તૈયાર કરવામાં આવેલા લગભગ ૮૦ જેટલા પ્રશ્નો પૂછવામાં આવે છે જેના આપવામાં આવેલા જવાબોના આધારે તે કયા ક્ષેત્રમાં સફળ થશે તેનું તારણ આપવામાં આવે છે.તાજ એજ્યુગ્લોબ દ્વારા આ સિસ્ટમનો સફળ પ્રયોગ વિધ્યાર્થીઓની કરીયર માટે કરવામાં આવ્યા બાદ હવે વિવિધ કંપનીઓની તેમની કંપનીમાં સારા કર્મચારીઓની ભરતી માટે આ સિસ્ટમનો ઉપયોગ કરી રહી છે.

## સ્ટોર્મ વોટર લાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાણીની લાઈન ચોમાસા પુર્વે સાફ કરવા માટે તંત્ર દ્વારા ટુંકમાં કામગીરી શરૂ કરી દેવાશે. પ્રથમ શહેરના મુખ્ય માર્ગો પર લાઈનની સફાઈ કરાશે. સેકટરોમાં પણ હયાત લાઈનની સફાઈ કરાશે. હાલ ઈન્ફોસિટીથી રીલાયન્સ ચોકડી સુધી સ્ટોર્મ વોટર લાઈનનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. બે મહીનામાં આ કામ પુરુ કરી દેવાશે.

## નબળું પરિણામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુણોત્સવ-પની સરખામણીમાં સુરેન્દ્રનગર અને બનાસકાંઠા જિલ્લો રાજ્યની સરેરાશ કરતાં ઉપર ગયા છે જ્યારે ગુણોત્સવ-પની સરખામણીમાં ખેડા અને દાહોદ જિલ્લો રાજ્યની સરેરાશ કરતા નીચે ગયા છે.

૬ થી ૮ના શૈક્ષણિક મૂલ્યાંકનમાં ગાંધીનગર જિલ્લાને ૫.૧૫ ગુણાંક મળતાં તે ૨૦મા ક્રમે આવ્યો છે. આ ખૂબ જ ચિંતાજનક પરિણામ હોવાનું વાલીઓમાં ચર્ચાઈ રહ્યું છે. કારણ કે બાળક જેમ ઉપર જાય તેમ નબળુ પડી રહ્યુ છે એટલે ગુણવત્તાસભર શિક્ષણની વાતો કાગળ પર વધુ જોવા મળી રહી હોવાની ચર્ચા જાગી છે.

ધો. ૬ થી ૮ના શૈક્ષણિક મૂલ્યાંકનમાં ગુણોત્સવ-પની સરખામણીમાં ભાવનગર અને સુરત જિલ્લો રાજ્યની સરેરાશ કરતાં ઉપર ગયા છે જ્યારે ડાંગ જિલ્લો રાજ્યની સરેરાશ કરતા નીચે ગયેલ છે.

ગણિતમાં બાળકોનો પાયો જ નબળો જોવા મળી રહ્યો છે. મળતી વિગતો પ્રમાણે ગુણોત્સવ ૫ ના પરિણામ બાદ ઉપચારાત્મક શિક્ષણ કાર્યક્રમના કારણે ધો. ૧ થી ૫ ના બાળકોના વાંચન-લેખન અને ગણનમાં સરેરાશ અનુક્રમે ૬.૫૦ ટકા, ૬.૨૦ ટકા અને ગણનમાં માત્ર ૨.૦૮ ટકાનો સુધારો જોવા મળેલ છે. શિક્ષણ વિભાગના સૂત્રોનું માનીએ તો ધો. ૬માં વાંચન-લેખન-ગણનમાં કોઈ ફેરફાર નોંધપાત્ર જોવા મળ્યો નથી. જો કે ધો. ૬માં ૫ ની તુલનામાં સરખાપણુ જોવા મળી રહ્યું છે. જ્યારે ૫ ની તુલનામાં ૧.૧ ટકાનો સુધારો જોવા મળેલ છે. જ્યારે ગુણોત્સવ-૫ ની તુલનામાં ધો. ૮માં ૧.૩ ટકાનો ઘટાડો જોવા મળેલ છે. આમ ધો. ૮માં બાળક નબળુ પુરવાર થાય છે, જ્યાંથી તેની શિક્ષણની નવી કારકિર્દીનો આરંભ થયો હોય છે.

શિક્ષણ વિભાગના સૂત્રોના દાવા મુજબ સહ અભ્યાસ પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન જે ૨૦ ટકામાંથી થાય છે તેમાં ૫.૯ ટકા અને લોકભાગીદારી અને સંશાધનોના ઉપયોગના ૨૦ ટકા મૂલ્યાંકનમાં ૧૧.૩૫ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે જે એક સારી નિશાની છે.

## ચોંકાવનારી હકીકત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૨.૮૬ ટકા અને ધો. ૧૦માં ૨૮.૦૬ ટકાનો વધારો નોંધાયો છે.

વર્ષ ૨૦૦૨-૨૦૧૪ દરમ્યાન ધો. ૧૧માં ૫૫.૮૦ ટકા અને ધો. ૧૨માં ૨૧.૧૫ ટકાનો વધારો નોંધાયો છે.

રાજ્યમાં માધ્યમિક શાળામાં ૧૧૮ ટકાનો અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ૧૪૪ ટકાનો વધારો નોંધાયો હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

## લોન સસ્તી નહી

● અનુસંધાન પહેલાનું ચાલુ

નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટેની તેની પ્રથમ દ્વિમાસિક નાણાંકીય નિતી સમીક્ષા જારી કરતા બેંકરો અને નિષ્ણાંતોની અપેક્ષા મુજબ જ રેપો રેટ અથવા તો રિપર્ચેઝ રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. આની સાથે જ રેપોરેટ હવે ઘટીને ૬.૫૦ ટકા થઈ ગયો હતો. જો કે આરબીઆઈએ તમામને ચોંકાવી દઈને રિવર્સ રેપો રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરી દીધો હતો. આની સાથે જ રિવર્સ રેપો રેટ વધીને ૬ ટકા થઈ ગયો હતો.

## એકલા હાથે

● અનુસંધાન પહેલાનું ચાલુ

શર્માએ કહ્યું હતું કે, ભાજપ ચૂંટણી પ્રચાર દરમિયાન વિકાસ, ગુડગવર્નન્સ અને ભ્રષ્ટાચારની નાબૂદી પર ધ્યાન કેન્દ્રિત કરશે. રામ મંદિર મુદ્દાને ચગાવવામાં આવશે નહીં.રામ મંદિરના મુદ્દે તેમણે કહ્યું હતું કે, રામ મંદિરનું નિર્માણ કરોડો લોકોની ઈચ્છાની વાત છે. અમે રાજકીય મુદ્દો બનાવવા માંગતા નથી. તે અમારો રાજકીય એજન્ડા નથી પરંતુ દેશના લોકો અયોધ્યામાં રામ મંદિર ઈચ્છે છે.

## અતીતની આજ

● ૪ પાનાનું ચાલુ...

તાશ્કંદમાં પાકિસ્તાન સાથે મંત્રણા માટે ગયેલા વડા પ્રધાન લાલબહાદુર શાસ્ત્રીના રહસ્યમય મૃત્યુ અંગે ભારે ગાજવીજ મચાવીને વડા પ્રધાન મોદી તથા ભાજપની નેતાગીરી કૉંગ્રેસના ફર્સ્ટ ફેમિલીને એ માટે દોષિત ઠરાવીને લોકોની સહાનુભૂતિ મેળવવાની કોશિશ જરૂર કરી રહી છે. એના સંકેત અત્યારથી મળી રહ્યા છે. પંડિત નેહરુના નિષ્ઠાવંત લાલબહાદુરનાં સંતાનોમાં પુત્ર અનિલ શાસ્ત્રી સિવાયનાં મોટા ભાગનાં ભાજપ સાથે જોડાઈ ચુક્યાં છે. અનિલ શાસ્ત્રી કૉંગ્રેસી નેતા રહ્યા, પરંતુ એમના પુત્ર આદર્શ શાસ્ત્રીએ ૨૦૧૪માં મલ્ટિનેશનલ કંપનીની એક કરોડ રૂપિયાની નોકરી છોડીને 'આપ' પાર્ટીની ટિકિટ પર અલાહાબાદની લોકસભા ચૂંટણી લડવાનું પસંદ કર્યું હતું. જોકે એ સફળ થયા નહોતા. શાસ્ત્રીજીનાં દીકરી સુમનના પુત્ર સિદ્ધાર્થનાથ સિંહ ભાજપના પ્રવક્તા જ નહીં, હમણાં થયેલી પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં પક્ષના પ્રભારી પણ હતા. આ બંગાળમાં ભાજપ થકી નેતાજી સુભાષ ચંદ્ર બોઝનું નામ ખૂબ ગજવવામાં આવ્યું, વડા પ્રધાન મોદી બોઝ પરિવારના સભ્યોને મળ્યા એટલું જ નહીં, સુભાષબાબુના વંશજ ચંદ્રકુમાર બોઝને ભાજપની ટિકિટ પર તૃણમૂલનાં મુખ્યમંત્રી મમતા બેનરજી સામે લડાવ્યા. પરાજિત ચંદ્રકુમારના જ પરિવારના સુગત બોઝ તૃણમૂલ કૉંગ્રેસના લોકસભાના સભ્ય છે.લાલબહાદુર શાસ્ત્રીના સૌથી મોટા પુત્ર અશોક શાસ્ત્રીનાં વિધવા નીરા શાસ્ત્રી અને તેમના પુત્ર સમીપ શાસ્ત્રી ભાજપમાં છે. સદ્‌ગત વડા પ્રધાનના પુત્ર સુનીલ શાસ્ત્રી તો ઘણા સમયથી ભાજપમાં છે.

વડા પ્રધાન મોદીએ સદ્‌ગત કૉંગ્રેસી વડા પ્રધાન પી.વી. નરસિંહરાવને કૉંગ્રેસના નેહરુ-ગાંધી પરિવારે અવગણી દિલ્હીમાં સમાધિ માટેની જગ્યા પણ ફાળવી નહીં હોવાનું જાહેરસભામાં કહીને રાવનું સ્મારક બાંધવા માટેની ખાતરી આપીને સદ્‌ગતના વંશજોને રાજી કરવાનો પ્રયાસ કર્યો હતો. જે સરદાર પટેલના ખભે ચઢીને નરેન્દ્ર મોદી ગુજરાતથી દિલ્હી આવ્યા એ સરદારનું સ્મારક દિલ્હીમાં બાંધવાનું સ્મરણ એમને થતું નથી. છોગામાં ડૉ. બાબાસાહેબ આંબેડકરનાં દિલ્હી, મુંબઈ જ નહીં, લંડનમાં પણ સ્મારકો અને આંતરરાષ્ટ્રીય કેન્દ્રો સ્થાપવા પાછળ તેમને વૉટ બૅંકના લાભની અપેક્ષા જરૂર રહે છે.

કેરળમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની કામગીરી દાયકાઓથી ખૂબ વ્યાપક હોવા છતાં ભાજપને ધારાસભામાં એકેય બેઠક મળતી નહીં હોવાથી વડા પ્રધાન મોદીએ શ્રી નારાયણ ગુરુ સંસ્થા સાથે જોડાણ કરવા ઉપરાંત કેરળના કૉંગ્રેસી મુખ્યમંત્રી આર. શંકરની પ્રતિમાનું અનાવરણ કરવા જવાનું પસંદ કરીને માંડ એક વિધાનસભા બેઠક પર ભાજપનો વિજય શક્ય બનાવ્યો છે. કેરળના કૉંગ્રેસી મુખ્યમંત્રીની પ્રતિમાના અનાવરણ પ્રસંગે તત્કાલીન કૉંગ્રેસી મુખ્યમંત્રી ઓમાન ચાંડી જ નહીં, શંકરના કૉંગ્રેસી પુત્ર મોહન શંકરને પણ દૂર રખાયા હતા. તમિળનાડુના કૉંગ્રેસી નેતા કુમારી આનંદનનાં દીકરી અને અન્નાદ્રમુકના ધારાસભ્ય રહેલા વસંતકુમારનાં ભત્રીજી તમિલીસાઈ સોંદરરાજનને ભાજપનાં પ્રદેશપ્રમુખ બનાવવા ઉપરાંત કૉંગ્રેસના રાષ્ટ્રીય નેતા અને તમિળનાડુના મુખ્ય પ્રધાન રહેલા કે. કામરાજ નાડરની જન્મજયંતીની ભાજપ થકી ઉજવણી છતાં છેલ્લી ધારાસભાની ચૂંટણીમાં ભાજપ ઝાઝું ઉકાળી શકી નહીં. એમ તો કૉંગ્રેસી નેતા હેમવતીનંદન બહુગુણાના પુત્ર અને ઉત્તરાખંડના કૉંગ્રેસી મુખ્યપ્રધાન રહેલા વિજય બહુગુણા સહિતના ૯ કૉંગ્રેસી ધારાસભ્યોને પડખામાં લઈને દહેરાદૂનની કૉંગ્રેસ સરકારને બરખાસ્ત કરવાના ભારે ઉધામા છતાં વડા પ્રધાન મોદી અને તેમનો પક્ષ ફાવ્યો નથી. જોકે કૉંગ્રેસી નેતા ડૉ.કર્ણસિંહના પુત્ર મિયાં અજાતશત્રુને નેશનલ કૉન્ફરન્સમાંથી ભાજપમાં લાવવાનું અને સદ્‌ગત વડા પ્રધાન ચંદ્રશેખરના પુત્ર પંકજસિંહ તથા ઓડિસાના કૉંગ્રેસી મુખ્ય પ્રધાન રહેલા ગિરધર ગોમાંગને ભાજપમાં તાણવાનું ભગવી બ્રિગેડને લાભદાયક લાગે છે.આસામમાં ભાજપના ચૂંટાયેલા બહુમતી ધારાસભ્યો કૉંગ્રેસી ગોત્રના છે અથવા તો તેઓ અહોમ ગણ પરિષદ(એજીપી)માંથી ભાજપમાં આવેલા છે.ખુદ મુખ્યપ્રધાન સર્વાનંદ સોનોવાલ પણ એજીપીમાંથી જ ૨૦૧૧માં ભાજપમાં આવ્યા હતા.

ક્યારેક ભાજપના વ્યૂહકાર પ્રમોદ મહાજન ઉત્તર પ્રદેશના બાહુબલિ નેતા ડી.પી.યાદવને ભાજપમાં લઈ આવ્યા હતા કે ઈંદિરા ગાંધીની ઈમર્જન્સીના ગોબેલ્સ ગણાતા વિદ્યાચરણ શુકલને ભાજપમાં લવાતાં કાગારોળ મચાવાતી હતી.યાદવને તો સાંજ પડતાં જ પક્ષમાંથી રુખસદ અપાઈ હતી.ભાજપના લોકસભાના ઉમેદવાર તરીકે હાર્યા પછી શુકલ સ્વગૃહે પાછા ફર્યા હતા.અત્યારે તો વડાપ્રધાન મોદી કે તેમના 'હનુમાન' લેખાતા પક્ષઅધ્યક્ષ અમિત શાહ જૂના કૉંગ્રેસી જ નહીં, માર્ક્સવાદીઓને પણ પક્ષમાં સામેલ કરે ત્યારે એને ચાણક્યવ્યૂહનો ભાગ ગણાવીને બિરદાવવાના કોરસગાનમાં ભાજપના આસ્થાસ્થાન નાગપુરથી લઈને કાર્યકર્તા સુધી તમામ જોડાય છે.કારણ કે મોદી સત્તાની સીડી જ નહીં તારણહાર લાગે છે.

## કાયદો અને કાનૂન

● ૪ પાનાનું ચાલુ...

છે તેનું પૃથ્થકરણ કરી સમીક્ષા કરી સબંધીત જાણકારી યાદ શક્તિમાં સંગ્રાયેલ છે કે નહી તે નક્કી કરી ગુન્હેગારને મનોવૈજ્ઞાનિક પધ્ધતિથી ગુન્હો કબુલવામાં મદદ કરે છે. જેને નારકો એનાલીસીસ પ્રક્રિયા કહેવામાં આવે છે. રીઢા ગુન્હેગાર જે પ્રથમ દષ્ટીએ ગુન્હામાં સંડોવાયેલ લાગતા ન હોય અને ગુન્હો ઉકેલાતો ના હોય પરંતુ આવી વ્યક્તિ ઉપર શંકા હોય તેનો અદાલત દ્વારા મંજુરી મેળવી નારકો એનાલીસીસ ટેસ્ટ નિષ્ણાંતો દ્વારા ફોરેન્સીક લેબમાં કરવામાં આવે છે.

નોંધ : કાયદાની વધુ જાણકારી માટે તથા વાચકોના લાભાર્થે વેબસાઈટ www.advocateashvintrivedi.com જોવા વિનંતી.

KALPA-TARU®

**KALPATARU POWER TRANSMISSION LIMITED**

**Registered Office:** Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028
**Tel No:** +91 79 2321 4000 **Fax Nos.:** +91 79 232 11966 **E Mail :** mktg@kalpatarupower.com **CIN :** L40100GJ1981PLC004281

**Extract of Standalone & Consolidated Financial Results for the Quarter and Year ended 31st March, 2016**

(₹ in Lacs)

| Sr. No. | Particulars | Standalone | | | | Consolidated | |
|---|---|---|---|---|---|---|---|
| | | For Quarter Ended | | For Year Ended | | For Year Ended | |
| | | 31/03/2016 | 31/03/2015 | 31/03/2016 | 31/03/2015 | 31/03/2016 | 31/03/2015 |
| | | Unaudited | | Audited | | Audited | |
| 1 | Total Income from Operations (net) | 1,38,052 | 1,07,097 | 4,36,458 | 4,42,225 | 7,38,038 | 7,19,821 |
| 2 | Net Profit from ordinary activities after tax | 7,196 | 4,006 | 19,950 | 16,561 | 11,754 | 12,036 |
| 3 | Net Profit for the period after tax (after extraordinary items) | 7,196 | 4,006 | 19,950 | 16,561 | 11,754 | 12,036 |
| 4 | Equity Share Capital (Face Value of ₹ 2 each) | 3,069 | 3,069 | 3,069 | 3,069 | 3,069 | 3,069 |
| 5 | Reserves (excluding Revaluation Reserve as shown in the Balance Sheet of previous year) | | | 2,22,757 | 2,03,980 | 2,29,489 | 2,18,557 |
| 6 | Earnings Per Share of ₹ 2 each (not annualised) (₹) (before and after extraordinary items) | | | | | | |
| | a) Basic | 4.69 | 2.61 | 13.00 | 10.79 | 7.64 | 7.83 |
| | b) Diluted | 4.69 | 2.61 | 13.00 | 10.79 | 7.64 | 7.83 |

**Notes:**
1. The above is an extract of the detailed format of Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Financial Results is available on the Stock Exchange websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website **www.kalpatarupower.com**.
2. The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on 28th May, 2016. The Statutory Auditors of the Company have conducted audit of these financial results in terms of Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 and have issued Audit Report with unmodified opinion.
3. The Board at it's meeting held on 14th March, 2016 declared an interim dividend of ₹ 1.50 per equity share of ₹ 2 each of the Company and the same has been paid to the shareholders.The directors do not recommend any further dividend for the year 2015-16.
4. The previous period's/year's figures have been regrouped / rearranged wherever considered necessary.

**For and on behalf of the Board of Directors**

**Place : Mumbai**
**Date : 28th May, 2016**

**Manish Mohnot**
**Managing Director**
**DIN : 01229696**

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...

અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ

89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535

રંગવાલા ડેકોરેટર્સ

ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેકટર-૨૧, ગાંધીનગર.